પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૦ | ૩૧ ડિસેમ્બર, ૨૦૧૮, સોમવાર; માગશર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### બિહારમાં નક્સલી હુમલો : ૧૦ ગાડીઓમાં આગચંપી

બિહારમાં નક્સલીઓએ તાંડવ મચાવ્યું છે. શુક્રવાર રાત્રે ઔરંગાબાદના દેવના ગોડાઉન વિસ્તારમાં નક્સલીઓ દ્વારા થયેલ હુમલામાં ચાર બસ સહિત ૧૦ ગાડીઓમાં આગચંપીની ઘટના સામે આવી છે. આ ઉપરાંત નક્સલીઓએ ફાયરિંગ પણ કર્યું હતું. આ હુમલામાં એમએલસી રાજન સિંહના કાકા નરેન્દ્ર સિંહનું મોત નિપજ્યું છે.

### પદ્મભૂષણ મૃણાલ સેનનું ૯૫ વર્ષે નિધન

લેજેન્ડરી બંગાળી ફિલ્મ દિગ્દર્શક (ડાયરેક્ટર) અને પદ્મભૂષણ સન્માન મેળવનાર મૃણાલ સેનનું કોલકાતામાં ૯૫ વર્ષે નિધન થયું છે. કોલકાતાના ભવાનીપુર સ્થિત તેમના ઘરે સેને અંતિમ શ્વાસ લીધા હતા. મૃણાલ સેનના મૃત્યના સમાચાર મળ્યા બાદ કોલકાતાના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ટ્વીટ કરીને જણાવ્યું હતુ કે, 'સેનના નિધનના સમાચારથી ખૂબ વ્યથિત છું.

### કેન્દ્રીય મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ કુંભમેળામાં મહામંડલેશ્વર બનશે

૧૫મી જાન્યુઆરીથી ૪ માર્ચ સુધી હિન્દુ કેલેન્ડરના માઘ માસમાં પ્રયાગરાજ ખાતે આયોજિત કરવામાં આવી રહેલા કુંભમેળામાં વર્તમાન મોદી સરકારમાં કેન્દ્રીયમંત્રી સાધ્વી નિરંજન જ્યોતિને મહામંડલેશ્વર બનવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# મેલબોર્નમાં ભારતની 'વિરાટ' જીત

**ઓસ્ટ્રેલિયાને ૧૩૭ રને હરાવ્યુ : ૩૯૯ રનના ટાર્ગેટ સામે ઓસ્ટ્રેલિયા ૨૬૧ રનમાં ઓલઆઉટ : ૩૭ વર્ષ બાદ મેલબર્નમાં ભારતની જીત : સિરિઝમાં ૨-૧થી આગળ : બુમરાહની મેચમાં નવ વિકેટ મેન ઓફ ધ મેચ જાહેર : ભારતીય ટીમે બંને ઇનિંગ્સ ડિકલેર કરીને વિદેશમાં ટેસ્ટ મેચ જીતવાની પણ સિદ્ધિ મેળવી**




મેલબોર્ન, તા. ૩૦

ટીમ ઈન્ડિયાએ બોક્સિંગ ડે ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાને ૧૩૭ રને હાર આપીને ઈતિહાસ સર્જી દીધો છે. પ્રથમ વખત આવું બન્યું છે જ્યારે ભારતે ઓસ્ટ્રેલિયાને બોક્સિંગ ડે ટેસ્ટ મેચમાં હાર આપી છે. જીતવા માટે ૩૯૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતા યજમાન ટીમ ૮૯.૩ ઓવરમાં ૨૬૧ રન કરીને આજે ઓલઆઉટ થઈ ગઈ હતી. તેના તરફથી પેટ કમિન્સે સૌથી વધુ ૬૩ રન બનાવ્યા હતા. ભારત માટે બજી ઈનિંગ્સમાં જસપ્રિત બુમરાહ અને રવિન્દ્ર જાડેજાએ ત્રણ ત્રણ વિકેટો ઝડપી હતી જ્યારે ઈશાંત શર્મા અને મોહમ્મદ સામીએ બે-બે વિકેટ ઝડપી હતી. વરસાદના પરિણામ સ્વરુપે પાંચમાં દિવસે અઢી કલાક મોડેથી મેચ શરૂ થઈ હતી. એક

વખતે ક્રિકેટ ચાહકોમાં ચિંતા પ્રવર્તી રહી હતી પરંતુ આખરે આ મેચમાં રમત શરૂ થતાં ભારતે જીત મેળવી હતી. આજે બાકી રહેલી ઔપચારિકતા ભારતે ઝડપથી પુરી કરી હતી. પ્રવાસી ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયામાં અગાઉ સાત બોક્સિંગ ડે ટેસ્ટનો હિસ્સો રહી છે

● અનુસંધાન પાન-૭ પર

## આ વર્ષે પાણી, જમીન અને આકાશમાં પરમાણુ શક્તિ બન્યો દેશ : મોદી

**વડાપ્રધાને મન કી બાત દ્વારા દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી : નવા વર્ષમાં આગળ વધવાનો પ્રયાસ કરો, દેશ નવી ઊંચાઈએ પહોંચશે, આપણાં તહેવારોમાં એક ભારત- શ્રેષ્ઠ ભારતની સુગંધ**



ન્યુ દિલ્હી,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવાર ૩૦ ડિસેમ્બએ પોતાના રેડિયો કાર્યક્રમ મન કી બાત દ્વારા દેશવાસીઓને સંબોધિત કર્યા હતા. આ તેમના રેડિયો કાર્યક્રમની ૫૧મું અને આ વર્ષનું અંતિમ સંસ્કરણ હતું. મન કી બાતનો પ્રારંભ વડાપ્રધાને વર્ષ ૨૦૧૮ની સફળતાઓ વિશે વાત કરતા કર્યો હતો. પીએમ મોદીએ નવા વર્ષ પર ખેડૂતોને આપી શુભેચ્છા પાઠવી. ઉપરાંત ગોલ્ડ મેડલ જીતનારી રજનીનો પણ ઉલ્લેખ કર્યો.

પીએમ મોદીએ કહ્યું કે તમે બધાએ વિચાર્યું હશે કે વર્ષ ૨૦૧૮ને કેવી રીતે યાદ રખાય. વર્ષ ૨૦૧૮ને ભારત એક દેશ તરીકે, પોતાની ૧૩૦ કરોડ જનતાના સામર્થ્ય રૂપમાં, કેવી રીતે યાદ રાખશે- તે યાદ કરવું પણ મહત્વપૂર્ણ છે. આપણને બધાને ગર્વથી ભરી દેનારું છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૮ને હંમેશા યાદ રાખવામાં આવશે. પીએમ મોદીએ કહ્યું કે આવનારા સમયમાં નવું કરવાનો સંકલ્પ છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૮ને હંમેશા યાદ રખાશે.

● અનુસંધાન પાન-૭ પર

## ભારતીય જનતા પાર્ટીનું રાષ્ટ્રીય અધિવેશન ૧૧મીએ દિલ્હીમાં

નવી દિલ્હી, તા. ૩૦

દિલ્હીના રામ લીલા મેદાનમાં ૧૧ અને ૧૨મી જાન્યુઆરીના દિવસે ભાજપના રાષ્ટરીય અધિવેશનની તૈયારીઓ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. લોકસભા ચૂંટણી પહેલા આનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. ચૂંટણી પહેલા આયોજિત આ અધિવેશન ખુબ મહત્વપૂર્ણ છે. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી અનિલ જૈને માહિતી આપતા કહ્યં છે કે, આ અધિવેશનમાં દેશભરના દરેક જિલ્લામાંથી કુલ મળીને ૧૨૦૦૦ પ્રતિનિધિ ભાગ લેશે. અધિવેસનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રીયમંત્રી, રાષ્ટ્રીય હોદ્દેદારો સહિત અન્ય લોકો ઉપસ્થિત રહેશે. મનોજ તિવારીએ કહ્યું છે કે, રાષ્ટ્રીય અધિવેશનની તૈયારીઓ માટે ૨૪ વિભાગોની રચના કરવામાં આવી છે જેની જવાબદારી જુદા જુદા કાર્યકરોને સોંપવામાં આવી છે. પોતાની પૂર્ણ ક્ષમતાની સાથે આ રાષ્ટ્રીય અધિવેશનને સફળ બનાવવામાં આવશે.

## આજે રાજ્યસભામાં ત્રિપલ તલાક બિલ રજૂ કરાશે : સરકારની કસોટી

**કોંગ્રેસ પાર્ટીએ વિરોધ કરવા માટેની રણનીતિ જાહેર કરી : કેન્દ્ર સરકાર પાસે બહુમતિ નહીં હોવાથી મુશ્કેલી નડશે : અનેક સંભાવનાઓ વચ્ચે બિલને રજૂ કરાશે : ત્રિપલ તલાકને લઇને મોદી સરકારની અગ્નિકસોટી**

નવીદિલ્હી, તા. ૩૦

લોકસભામાં ત્રિપલ તલાક બિલ પાસ કરી દેવામાં આવ્યા બાદ આવતીકાલ સોમવારના દિવસે સરકારની ત્રિપલ તલાકના મુદ્દે રાજ્યસભામાં અગ્નિપરીક્ષા થશે. શિયાળુ સત્રમાં ત્રિપલ તલાક બિલને પસાર કરવાને લઈને સરકાર માટે પ્રક્રિયા સરળ નથી. કોંગ્રેસ પાર્ટીનું કહેવું છે કેતે ત્રિપલ તલાકને પસાર થવાની તક આપશે નહીં. રાજ્યસભામાં આવતીકાલે આને રજૂ કરવામાં આવનાર છે. કાયદામંત્રી રવિશંકર પ્રસાદ ઉપલા ગૃહમાં આ બિલ રજૂ કરશે. આ બિલમાં કેટલીક જોગવાઈઓ રહેલી છે. પ્રસાદે કહ્યું છે કે, રાજ્યસભામાં આ બિલને ટેકો મળશે તેવી અમને આશા છે. રાજ્યસભામાં ભાજપના નેતૃત્વમાં એનડીએ પાસે સભ્યો ઓછા છે. કોંગ્રેસ કમિટિના જનરલ સેક્રેટરી કેસી વેણુગોપાલે માહિતી આપતા કહ્યું છે કે, પાર્ટી ગૃહમાં આ બિલને પસાર થવાથ રોકવા માટે અનેક પક્ષો સાથે હાથ મિલાવશે.

● અનુસંધાન પાન-૭ પર

## આંદામાન અને નિકોબારના વિકાસ માટે કેન્દ્ર કટિબદ્ધ છે

કારનિકોબાર, તા. ૩૦

કાર નિકોબારમાં અનેક યોજનાઓની ભેંટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આપી હતી. સાથે સાથે અનેક યોજનાઓને લઈને વાત પણ કરી હતી. મોદીએ કહ્યું હતં કે, વિકાસ માટે સરકાર બિલકુલ કટિબદ્ધ છે. આંદામાન અને નિકોબારમાં રહેતા દરેક નાગરિકના જીવન સ્તરને સુધારવા માટેકેન્દ્ર સરકાર કટિબદ્ધ હોવાની પણ મોદીએ વાત કરી હતી. તેમણે કહ્યં હતં કે, અહીં શિક્ષણ, આરોગ્ય અને રમત ગમત સહિતના જરૂરી ક્ષેત્રોમાં કેન્દ્ર સરકાર તરફથી કામ કરવામાં આવી રહ્યું છે. મોદીએ દરિયાકાંઠાના વિકાસને લઈને

● અનુસંધાન પાન-૭ પર

## હું પણ એક્સીડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર: એચડી દેવગૌડા

ન્યુ દિલ્હી,તા.૩૦

ફિલ્મ 'ધ એક્સીડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર'ને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદની વચ્ચે પૂર્વ પ્રધાનમંત્રી એચ.ડી. દેવગૌડાએ કહ્યું કે તેઓ પણ 'એક્સીડેન્ટલ પ્રાઈમ મિનિસ્ટર' છે. આ ફિલ્મ પ્રધાનમંત્રી મનમોહન સિંહનાં કાર્યકાળ પર આધારિત છે. મનમોન સિંહ ૨૦૦૪થી ૨૦૧૪ સુધી ભારતનાં પ્રધાનમંત્રી હતા. કોંગ્રેસનો આરોપ છે કે આ ફિલ્મ તેમની પાર્ટી તરફ દુષ્પ્રચાર છે.

૧૯૯૬ની ચૂંટણીમાં સરકાર બનાવવા માટે કોઈપણ પાર્ટી પાસે પુરતી સીટો નહોતી. બિન કોંગ્રેસી અને બિન ભાજપાઈ પાર્ટીઓએ સંયુક્ત મોરચે કોંગ્રેસનાં સમર્થનથી કેન્દ્રમાં સરકાર બનાવવાનું નક્કી કર્યું અને દેવગૌડાને પીએમ બનાવવામાં આવ્યા.

## પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડાનો દોર યથાવત રીતે જારી

**દિલ્હીમાં પેટ્રોલ કિંમત ૭૦થી પણ નીચે : અવિરત ઘટાડાના લીધે લોકોને વધુ રાહત : નવા વર્ષમાં પણ ઘટાડાનો દોર જારી રહેવાની સંભાવના**

નવી દિલ્હી,તા. ૩૦

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડાનો દોર યથાવતરીતે જારી રાખવામાં આવ્યો છે. દેશના મોટા શહેરોમાં આજે વધુ ઘટાડો થયો હતો. આજે પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ ૨૨-૨૪ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો હતો જ્યારે ડિઝલની કિંમતમાં ૨૩-૨૫ પૈસા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૭૦થી પણ નીચે પહોંચી ગઈ છે. ભારત તેની તેલની જરૂરીયાત પૈકી ૮૦ ટકા જરૂરિયાત આયાતથી પૂર્ણ કરે છે. તેલ કિંમતો આગામી દિવસોમાં વધુ ઘટે તેવા સંકેત મળી રહ્યા છે. છેલ્લા થોડાક દિવસના ગાળામાં જ ડોલર સામે રૂપિયામાં ત્રણ ટકાથી વધુનો ઘટાડો નોંધાઈ ચુક્યો છે. તેલ કિંમતોને સંવેદનશીલ ગણવામાં આવે છે.
















સ્ટોર સ્પોન્સરશિપ તથા જાહેરાત માટે સંપર્ક કરો